ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા

# કચ્છ યુનિવર્સિટી

મુન્દ્રા રોડ, ભુજ-કચ્છ. ૩૭૦ ૦૦૧.
E-mail : info@kskvkachchhuniversity.org

ફોન નં.(૦૨૮૩૨) ૨૩૫૦૦૨ ફેક્સઃ ૨૩૫૦૧૨
Web : kskvkachchhuniversity.org

રેફ.નં.: ક.યુ./E.C.-Minuits-16th April /૨૦૧૦/ ૧૦ થી ૨૧

તા. ૨૮/૦૪/'૧૦

પ્રતિ,

આ સાથે સામેલ યાદી મુજબ.

**વિષય :** તારીખ ૧૬મી એપ્રિલ ૨૦૧૦નાં રોજ યુનિવર્સિટી કાર્યાલયે યોજાયેલ એક્ઝિક્યુટીવ કાઉન્સિલની મિટિંગની મિનિટ્સ નોંધ મોકલવા બાબત...

શ્રીમાન,

જય ભારત સાથ ઉપરોકત વિષયે જણાવવાનું કે, માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને **તારીખ ૧૬મી એપ્રિલ ૨૦૧૦**ના રોજ મળેલ એક્ઝિક્યુટીવ કાઉન્સિલની મિટિંગની મિનિટ્સ નોંધ આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવે છે જે ધ્યાને લેવા વિનંતી.

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

B.S. Patel

**(આઈ.સી.)કુલસચિવ**

**બિડાણ :** ઉપર મુજબ.

**નકલ સવિનય રવાના :** માનનીય કુલપતિશ્રીનાં કાર્યાલય તરફ.

## મિનિટસ મોકલાવ્યા અન્વયે આઉટ વર્ડ નંબર/તારીખ.
## 10 to 21 Dt. 28/04/'10.

| ક્રમ | સભ્યશ્રીનું નામ | આઉટ વર્ડ નંબર–તારીખ |
|---|---|---|
| 1 | ડૉ.શશીરંજન યાદવ.<br>કુલપતિશ્રી, કચ્છ યુનિવર્સિટી, ભુજ. | 10 Dt. 28/04/'10 |
| 2 | ડાયરેકટર ઓફ હાયર એજયુકેશન,<br>ગુજરાત રાજય, ગાંધીનગર. | 11 Dt. 28/04/'10 |
| 3 | ડાયરેકટર ઓફ ટેકનિકલ એજયુકેશન,<br>ગુજરાત રાજય, ગાંધીનગર. | 12 Dt. 28/04/'10 |
| 4 | ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસ એન્ડ મેડિકલ એજયુકેશન, ગુજરાત રાજય, ગાંધીનગર. | 13 Dt. 28/04/'10 |
| 5 | શ્રી મુકેશભાઈ ઝવેરી,<br>મેનેજીંગ ટ્રસ્ટીશ્રી,કચ્છ વિદ્યા પ્રતિષ્ઠાન ટ્રસ્ટ, ભુજ. | 14 Dt. 28/04/'10 |
| 6 | શ્રી અનિરૂદ્ધભાઈ દવે,<br>પ્રમુખશ્રી, માંડવી નગરપાલિકા.માંડવી. | 15 Dt. 28/04/'10 |
| 7 | ડૉ. દર્શનાબેન સી.ધોળકિયા.<br>પ્રોફેસર એન્ડ હેડ,ગુજરાતી ભવન,<br>કચ્છ યુનિવર્સિટી, ભુજ. | 16 Dt. 28/04/'10 |
| 8 | શ્રી મહેશભાઈ સી.આહિર,<br>પ્રમુખશ્રી, એન.એસ.યુ.આઈ., કચ્છ. | 17 Dt. 28/04/'10 |
| 9 | ડૉ. બી.એસ.પટેલ,<br>પ્રોફેસર એન્ડ હેડ,શિક્ષણશાસ્ત્ર ભવન,<br>કચ્છ યુનિવર્સિટી, ભુજ. | 18 Dt. 28/04/'10 |
| 10 | ડૉ. ટી. આર. હાથી,<br>રીડર, અર્થશાસ્ત્ર ભવન, કચ્છ યુનિવર્સિટી, ભુજ. | 19 Dt. 28/04/'10 |
| 11 | શ્રી શ્રવણસિંહ એસ. વાઘેલા. | 20 Dt. 28/04/'10 |
| 12 | ડૉ. બી.એસ.પટેલ,<br>(આઈ.સી.રજીસ્ટ્રારશ્રી, મેમ્બર સેક્રેટરી. | 21 Dt. 28/04/'10 |

## એક્ઝિક્યુટીવ કાઉન્સિલના સભ્યશ્રીઓની યુનિવર્સિટી કાર્યાલયે તા.૧૬/૦૪/'૧૦નાં રોજ સવારે ૧૧:૩૦ કલાકે મળેલ સભાની મિનિટ્સ નોંધ :

આજ રોજ તા.૧૬/૦૪/'૧૦નાં રોજ સવારે ૧૧:૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે એક્ઝિક્યુટીવ કાઉન્સિલની બેઠક માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ જેમાં નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર રહેલ હતા. અધ્યક્ષશ્રી દ્વારા સૌ સભ્યશ્રીઓને આવકારી યુનિવર્સિટીની કામગીરીઓમાં વીજળી, પાણીના પ્રશ્નનું નિરાકણ, ગ્રંથાલય આધુનિકીકરણ,આર્કિયોલોજી વિભાગ શરૂ કરવાની માગણી, CBCS, સર્ટીફિકેટ કોર્સિસ, પોર્ટ મેનેજમેન્ટ, સેન્ટર ફોર એક્સેલેન્સ અને UGC 12(B), યુટીલીટી સેન્ટર અંગે થયેલ પ્રગતિની સભાને જાણકારી આપી ત્યાર પછી આગળની કાર્યવાહીની શરૂઆત કરવામાં આવી.

| સભ્યશ્રીનું નામ | હાજર / ગેરહાજર |
|---|---|
| ડૉ. એસ.જી. યાદવ.<br>કુલપતિશ્રી, કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | હાજર |
| ડાયરેકટર ઓફ હાયર એજ્યુકેશન ,<br>ગુજરાત રાજય, ગાંધીનગર. | ગેર હાજર |
| ડાયરેકટર ઓફ ટેકનિકલ એજયુકેશન,<br>ગુજરાત રાજય, ગાંધીનગર. | ગેર હાજર |
| ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસ એન્ડ મેડિકલ એજયુકેશન, ગુજરાત રાજય, ગાંધીનગર. | ગેર હાજર |
| શ્રી મુકેશભાઈ ઝવેરી,<br>મેનેજીંગ ટ્રસ્ટીશ્રી, કચ્છ વિદ્યા પ્રતિષ્ઠાન ટ્રસ્ટ, ભૂજ. | હાજર |
| શ્રી અનિરૂદ્ધભાઈ દવે,<br>પ્રમુખશ્રી, માંડવી નગરપાલિકા. | હાજર |
| ડૉ. દર્શનાબેન ધોળકિયા<br>પ્રોફેસર, ગુજરાતી ભાષા ભવન, | હાજર |
| ડૉ.બી.એસ.પટેલ,<br>પ્રોફેસર એન્ડ હેડ, શિક્ષણશાસ્ત્ર ભવન, | હાજર |
| ડૉ. તુષારભાઈ આર. હાથી<br>રીડર, અર્થશાસ્ત્ર ભવન, | હાજર |
| શ્રી મહેશભાઈ સી.આહિર.<br>પ્રમુખશ્રી, એન.એસ.યુ.આઈ., કચ્છ. | હાજર |
| શ્રી શ્રવણસિંહ એસ. વાઘેલા.<br>ભુજ–કચ્છ. | હાજર |
| ડૉ.બી.એસ.પટેલ, મેમ્બર સેક્રેટરી<br>(આઈ.સી. કુલસચિવશ્રી, કચ્છ યુનિવર્સિટી) | હાજર |

**૧. ગત મિનિટ્સનું વાંચન અને બહાલી :**

- **ઠરાવ : ૧ :** ગત મિનિટ્સનું વાંચન કરવામાં આવેલ અને સર્વાનુમતે મિનિટ્સ નોંધીને બહાલી આપવામાં આવેલ છે.

૨. **યુનિવર્સિટી અનુસ્નાતક ભવનના પ્રોફેસર,રીડર,લેક્ચરરનાં તા.૧૮–૧૯–૨૦/૦૩/'૧૦નાં રોજ યોજાયેલ ઈન્ટરવ્યુ માટે પસંદગી સમિતિની ભલામણ અંગે નિર્ણય લેવા બાબત :**

Shri Krantiguru Shyamji Krishna Verma Kachchh University BHUJ-Kachchh 370001

યુનિવર્સિટી અનુસ્નાતક ભવનોમાં પ્રોફેસર, રીડર, લેક્ચરરની ભરતી માટે તા.૧૮–૧૯–૨૦/૦૩/'૧૦નાં રોજ ઈન્ટરવ્યુની કાર્યવાહી પસંદગી સમિતિ દ્વારા હાથ ધરવામાં આવેલ.ઉપસ્થિત સભ્યશ્રીઓની હાજરીમાં પસંદગી સમિતિનાં બંધ કવરો ખોલવામાં આવેલ, સભ્યશ્રી મહેશભાઈ સી.આહિરનાં વિરોધ સાથે, અન્ય તમામ ઉપસ્થિત સભ્યશ્રીઓની સંમતિથી તથા ચર્ચા વિચારણાનાં અંતે નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

**<u>ઠરાવ : ૨ :</u> આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીનાં અનુસ્નાતક ભવનોમાં જુદા જુદા વિષયોનાં પ્રોફેસર,રીડર અને લેક્ચરરની પસંદગી માટે ગત તા.૧૮–૧૯–૨૦ / ૦૩/'૧૦નાં રોજ લેવાયેલ ઈન્ટરવ્યુ બાબતે પસંદગી સમિતિની ભલામણો અને વિગતે ચર્ચા બાદ નીચેનાં ભવનો માટે લેક્ચરર માટેની પસંદગી સમિતિની ભલામણ સ્વીકારવી અને પસંદિત ઉમેદવારોને નિમણૂક આપવા હાજર કરવાની કાર્યવાહી કરવી.**

**<u>કેમેસ્ટ્રી :</u>** લેક્ચરર : ૧. Dr. Shri Ram Vijaykumar R.

**<u>અંગ્રેજી :</u>** લેક્ચરર : ૧. Shri Naval Kishor Sharma.
૨. Shri Trivedi Chetankumar N.

**<u>અર્થ એન્ડ એન્વા.સાયન્સ. :</u>** લેક્ચરર : ૧. Dr. Mistry Chandrakant P.
૨. Dr.Vyas Suhash J.

**<u>કોમર્સ એન્ડ મેનેજમેન્ટ :</u>** લેક્ચરર : ૧. Shri Shah Kanish D.
૨. Shital bati-shroff

૩. **યુનિવર્સિટીની વહિવટી જગ્યાઓ અન્વયે ફિકસ વેતનની નિમણૂકો માટે વેતન વધારા અંગે ચર્ચા વિચારણા અને નિર્ણય :**

યુનિવર્સિટી ખાતે હાલે તદ્દન હંગામી ધોરણે ભરાયેલ વહિવટી જગ્યાઓ અન્વયે ફિકસ વેતનની જુદી જુદી જગ્યાઓ અનુસંધાને વેતન વધારો કરવા સંબંધે એક્ઝિક્યુટીવ કાઉન્સિલ દ્વારા નિમાયેલ સમિતિની ગત તા.૩૦મી જાન્યુ.'૨૦૧૦નાં રોજ મળેલ સભામાં કરવામાં આવેલ ભલામણો ચર્ચા વિચારણા અંતે અંશતઃ સ્વીકારીને નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

**<u>ઠરાવ : ૩ :</u> આથી ઠરાવવામાં આવે છે કે, અન્ય ઠરાવ ન થાય ત્યાં સુધી યુનિવર્સિટી ખાતે તા.૧૬મી એપ્રિલ'૧૦નાં રોજ સુધી કાર્યરત હોય તેવા, કર્મચારીઓના નીચેનાં કોષ્ટક મુજબનાં દરે ફિકસ માસિક વેતનમાં તા. ૧લી એપ્રિલ'૦૯થી અમલમાં આવે તે રીતે અને વિગતે વધારો કરવામાં આવશે.**

**વધુમાં ઠરાવવામાં આવે છે કે હાલે ચૂકવવામાં આવતું, કામકાજનાં કલાકો ઉપરાંત વધારાના કલાકો દરમ્યાન કરેલ કામગીરી(Over Time)અંગેનું વળતર**

શૈક્ષણિક વર્ષ ૨૦૦૯–૧૦થી બંધ કરવું અને તા.૦૧/૦૪/'૦૯ થી તા.૩૧/૦૩/'૧૦ સુધીનાં વેતન વધારાને એરિર્યસ તરીકે ગણીને સરભર કરવું.આ એરિયર્સની ત્રણ–ત્રણ માસનાં અંતરે ચાર હપ્તાઓમાં ચૂકવી આપવાની રહેશે.

Krantiguru Shyamji Krishna Verma Kachchh University BHUJ-Kachchh ૩૭૦૦૦૧

<u>જુદી જુદી વહિવટી જગ્યાઓ સંબંધે ફિક્સ વેતન વધારા અન્વયે ચૂકવવા પાત્ર માસિક રકમના દરો.</u>

| ક્રમ | જગ્યાનું નામ. | હાલ ચૂકવાતું ફીક્સ વેતન. | ફીકસ વેતન વધારો અને પેટ્રોલ/ટ્રાવેલ એલાઉન્સ (પ્રતિ માસ) |
|---|---|---|---|
| ૧. | મેનેજર (વહીવટ) | રૂ.૭,૦૦૦/– | રૂ.૮,૫૦૦/– ( ૮૦૦૦ + ૫૦૦ પેટ્રોલ એલાઉન્સ) |
| ૨. | આસિ. મેનેજર (નાણાં) | રૂ.૭,૫૦૦/– | રૂ.૯,૦૦૦/– ( ૮૫૦૦ + ૫૦૦ પેટ્રોલ એલાઉન્સ) |
| ૩. | પ્રોગ્રામર | રૂ.૫,૦૦૦/– | રૂ.૬,૫૦૦/– ( ૬૦૦૦ + ૫૦૦ પેટ્રોલ એલાઉન્સ) |
| ૪. | લેબ.આસિ. | રૂ.૩,૦૦૦/– | રૂ.૫,૫૦૦/– ( ૫૦૦૦ + ૫૦૦ પેટ્રોલ એલાઉન્સ) |
| ૫. | સિ.ડેટા એ. ઓપરેટર | રૂ.૩,૫૦૦/– | રૂ.૬,૦૦૦/– ( ૫૫૦૦ + ૫૦૦ પેટ્રોલ એલાઉન્સ) |
| ૬. | જૂ.ડેટા એ. ઓપરેટર | રૂ.૨,૫૦૦/– | રૂ.૫,૦૦૦/– ( ૪૫૦૦ + ૫૦૦ પેટ્રોલ એલાઉન્સ) |
| ૭. | પટ્ટાવાળા | રૂ.૧,૫૦૦/– | રૂ.૩,૫૦૦/– ( ૩૨૦૦ + ૩૦૦ પેટ્રોલ એલાઉન્સ) |

**સવિષેશ ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી ખાતે ફિક્સ વેતનથી અન્ય જુદી જુદી જગ્યાઓ પર કાર્યરત કર્મચારીઓ તરફથી સદર વિગતે મળેલ અન્ય અરજીઓ ફિક્સ વેતન વધારાની પેટા સમિતિ સમક્ષ યોગ્ય કાર્યવાહી અર્થે ફેર રજૂ કરવી.**

**૪. યુનિવર્સિટી ખાતે ચલાવાતા સેલ્ફ ફાયનાન્સ અભ્યાસક્રમો તથા સેલ્ફ ફાયનાન્સ કોલેજો ખાતે ચાલતા વિવિધ અભ્યાસક્રમો અન્વયે પરીક્ષા ફીનું ધોરણ નકકી કરવા ચર્ચા વિચારણા અને નિર્ણય :**

યુનિવર્સિટી ખાતે ચલાવાતા સેલ્ફ ફાયનાન્સ અભ્યાસક્રમો જેવા કે, M.Sc.(C.A.& I.T.), M.B.A.(Integrated) તથા યુનિવર્સિટી સંલગ્ન સેલ્ફ ફાયનાન્સ કોલેજો ખાતે ચાલતા અભ્યાસક્રમો જેવા કે, M.B.B.S., B.Sc.-Nursing, B.P.Ed. સંદર્ભે વસૂલવાની થતી પરીક્ષા ફીનું ધોરણ નિયત કરવા માટે ચર્ચા વિચારણાના અંતે નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

**<u>ઠરાવ : ૪ :</u> આથી ઠરાવવામાં આવે છે કે, હાલે યુનિવર્સિટી ખાતે સેલ્ફ ફાયનાન્સ ધોરણે ચલાવામા આવતા અભ્યાસક્રમો તથા જુદી જુદી સંલગ્ન સ્વનિર્ભર કોલેજો ખાતે ચલાવવામાં આવતા વિવિધ અભ્યાસક્રમો માટે શૈક્ષણિક વર્ષ ૨૦૦૯–૧૦થી અમલીકરણમાં આવે તે રીતે નીચેની વિગતે પરીક્ષા ફીનું ધોરણ નિયત કરવામાં આવે છે.**

| ક્રમ. | અભ્યાસક્રમનું નામ. | અભ્યાસક્રમના વર્ષ | પરીક્ષા ફીનું ધોરણ. |
|---|---|---|---|
| 1. | M.Sc. (C.A.& I.T.) | First Year | Rs. 1,000/- |
| 2. | M.B.A.(Integrated) | First Year | Rs. 1,000/- |
| 3. | M.B.A. | | |
| | Project work Semester 3rd | | Rs. 200/- |
| | Project work Semester 5th | | Rs. 200/- |

| | | | |
|---|---|---|---|
| 4. | M.B.B.S. | First Year | Rs. 5,000/- |
| 5. | B.Sc.-Nursing. | First Year | Rs. 2,000/- |
| 6. | B.P. Ed. | First Year | Rs. 1,500/- |

Krantiguru Shyamji Krishna Verma Kachchh University BHUJ-Kachchh 370001

૫. **યુનિવર્સિટીનાં અંગ્રેજી ભવનનાં અધ્યક્ષશ્રી દ્વારા International Seminar યોજવા બાબતે થયેલ રજૂઆત બાબત ચર્ચા વિચારણા અને નિર્ણય :**

યુનિવર્સિટીનાં અંગ્રેજી અનુસ્નાતક ભવનનાં અધ્યક્ષશ્રી દ્વારા આગામી માસ– **સપ્ટેમ્બર'૧૦** માં International Seminar યોજવાની મંજૂરી આપવામાં સંબધે થયેલ રજૂઆત તથા સદર બાબતે થનાર અંદાજીત ખર્ચ રૂા. ૧૫ લાખની રકમ મંજૂર રાખવા બાબતે ચર્ચા વિચારણાના અંતે નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

**<u>ઠરાવ : ૫ :</u>** **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી અંગ્રેજી અનુસ્નાતક ભવન ખાતે આગામી માસ– સપ્ટેમ્બર'૧૦માં International Seminar યોજવા આથી મંજૂરી આપવામાં આવે છે. સદર બાબતે થનાર ખર્ચ અન્વયે રૂા. ૫,૦૦,૦૦૦/–** (અંકે રૂપિયા પાચ લાખ પૂરા) **ફાળવવામાં આવે તથા આ સેમિનારમા ઉપસ્થિત રહેનાર માટે રહેવાની વ્યવસ્થા યુનિવર્સિટી કેમ્પસ પર કાર્યરત થયેલ ગેસ્ટ હાઉસમાં પ્રાપ્ય કરાવવી. વધારાના ખર્ચને પહોંચી વળવા માટે સેમિનારના આયોજકોએ ડેલીગેશન ફી તથા સ્પોન્સરશિપ મેળવીને જોગવાઈ કરવાની રહેશે.**

૬. **ડૉ.શ્રી ધીરેન્દ્ર મહેતા દ્વારા 'ગુજરાતી' વિષય અન્વયે અનુસ્નાતક અભ્યાસક્રમમાં યુનિવર્સિટી કક્ષાએ પ્રથમ વર્ગમા પ્રથમ ક્રમાંક મેળવનાર વિદ્યાર્થીને સુવર્ણ ચંદ્રક એનાયત કરવા થયેલ રજૂઆત બાબત ચર્ચા વિચારણા અને નિર્ણય :**

ડૉ.શ્રી ધીરેન્દ્ર મહેતા દ્વારા 'ગુજરાતી' વિષય અન્વયે અનુસ્નાતક અભ્યાસક્રમમાં યુનિવર્સિટી કક્ષાએ પ્રથમ વર્ગમાં પ્રથમ ક્રમાંક મેળવનાર વિદ્યાર્થીને સુવર્ણ ચંદ્રક એનાયત કરવા માટે શરતી રજૂઆત મળેલ જે બહાલ રાખવા માટે ચર્ચા વિચારણાના અંતે નીચે મુજબ ઠરાવ કરવામાં આવ્યો.

**<u>ઠરાવ : ૬ :</u>** **આથી ઠરાવવામાં આવે છે કે, ડૉ.શ્રી ધીરેન્દ્ર મહેતા દ્વારા 'ગુજરાતી' વિષય અન્વયે અનુસ્નાતક અભ્યાસક્રમમાં યુનિવર્સિટી કક્ષાએ પ્રથમ વર્ગમાં પ્રથમ ક્રમાંક મેળવનાર વિદ્યાર્થીને સુવર્ણ ચંદ્રક એનાયત કરવા માટે શરતી રજૂઆત સંબંધે, સદર તૈયાર કરવામાં આવેલ ચંદ્રકનું કુલ વજન એક તોલા(દશ ગ્રામ)હોય તે જોવાનું રહેશે, જેથી ચંદ્રક માપ (સાઈઝ)માં બહુ નાનો ન દેખાય.**

**જેમની સ્મૃતિમાં ચંદ્રક અપાનાર છે તે સદ્‌ગત આચાર્ય યશવન્ત શુકલની છબી ચંદ્રકની એક બાજુએ અને બીજી બાજુએ યુનિવર્સિટીનો લોગો તથા જે તે વર્ષે અપાનાર ચંદ્રકને લગતી પ્રસ્તુત વિગત દર્શાવવાની રહેશે.**

ચન્દ્રક આપવામાં ઓછામાં ઓછા ત્રણ વર્ષ માટે આપવાની જોગવાઈ દાતાએ કરવાની રહેશે.દાતાએ તેમના ઉક્ત પત્રમાં જણાવેલ અન્ય શરતો માન્ય રાખવામાં આવે છે.

Krishna Verma Kachchh University 370001

જે પદવીદાન સમારંભમાં મુખ્ય મહેમાનને હસ્તે આ સુવર્ણ ચંદ્રક એનાયત કરવામાં આવે તે સમારંભમાં દાતા કે તેઓના પ્રતિનિધિ ઉપસ્થિત રહેવા યુનિવર્સિટીએ આમંત્રણ આપવાનું રહેશે.

જો કોઈ અન્ય દાતા અન્ય વિષયો સંબંધે કોઈ પણ પ્રકારનાં ચંદ્રક એનાયત –પ્રાયોજવા ઈચ્છે તો તે અન્વયે યોગ્ય સંબંધિત વિગતો સિવાય, આ શરતો લાગુ પાડવાની રહેશે.

**૭. ડૉ. જી.એ.બક્ષી –રીડર 'રસાયણશાસ્ત્ર'ની નિમણૂકને લાબાંગાળાની નિમણૂક આપવા ચર્ચા વિચારણા અને નિર્ણય :**

ડૉ. જી.એ.બક્ષી –રસાયણશાસ્ત્ર અનુસ્નાતક ભવનમાં રીડર તરીકે તા. ૦૫/૦૨/'૦૯થી ભવનમાં જોડાયા હતા. અને હાલે તેઓનો એક વર્ષનો પ્રોબેશન સમયગાળો પૂર્ણ થયેલ હોય,તેમની નિમણૂકને લાબાગાળાની નિમણૂક ગણવા ચર્ચા વિચારણાના અંતે નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

**<u>ઠરાવ : ૭ :</u>** **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીની મંજૂર થયેલ શૈક્ષણિક જગ્યાઓ પર કાર્યરત ડૉ.જી.એ.બક્ષી–રીડર 'રસાયણશાસ્ત્ર'ની અરજીને ધ્યાને લેતા યુનિવર્સિટીમાં જોડાયા તારીખથી એક વર્ષનો અજમાયશી સમયગાળો પૂર્ણ થયેલ હોય, તેઓની નિમણુંકને લાંબાગાળાની નિયમીત નિમણુંક જોડાયા તારીખથી ગણવાની રહેશે.**

**૮. 'નીડ કમિટી'એ રજૂ કરેલ અહેવાલ અંગે ચર્ચા વિચારણા અને નિર્ણય :**

શૈક્ષણિક વર્ષ ૨૦૧૦–૧૧થી નવી કોલેજ–અભ્યાસક્રમો શરૂ કરવા સંબંધે અત્રે મળેલ નવા જોડાણ અરજીપત્રકો અન્વયે, ગત તા. ૧૯/૧૨/'૦૯ના રોજ મળેલ એક્ઝિક્યુટીવ કાઉન્સિલની સભાનાં ઠરાવ ક્રમાંક :૩થી માનનીય કુલપતિશ્રીને 'નીડ કમિટી'ની રચના કરવા માટે અપાયેલ સત્તા અનુસંધાને રચાયેલ નીડ કમિટીએ સંબંધિત સંસ્થાઓની રૂબરૂ મુલાકત બાદ અત્રે રજૂ કરેલ અહેવાલ બાબતે ચર્ચા વિચારણા અંતે નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

**<u>ઠરાવ : ૮ :</u>** **આથી ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષ ૨૦૧૦–૧૧થી નવા અભ્યાસક્રમ માટે જોડાણ આપવા સંબંધિત કાર્યવાહી હાથ ધરવા નિમાયેલ નીડ કમિટીએ રજૂ કરેલ અહેવાલથી ચાર કોલેજોની માંગણી હતી તેમાંથી ત્રણ કોલેજોમાં અભ્યાસક્રમોના નવા જોડાણ આપવાની જરૂરિયાત પ્રસ્થાપિત થયા છે માટે તે બહાલ રાખવામાં આવે છે તથા તે અનુસંધાને જોડાણ અન્વયેની આગળની કાર્યવાહી હાથ ધરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને સોંપવામાં આવે છે.**

Shyamji Krishna Verma Kachchh University
BHUJ-Kachchh
370001

૯. **યુનિવર્સિટી ઓર્ડીનેન્સ તેમજ વધારાના સ્ટેચ્યુટ્સ અંગે ચર્ચા વિચારણા અને નિર્ણય :**

યુનિવર્સિટી દ્વારા તૈયાર કરવામાં આવેલ ઓર્ડીનેન્સ તથા વધારાના સ્ટેચ્યુટ્સને મંજૂર રાખવા અંગે ચર્ચા વિચારણાના અંતે નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

**ઠરાવ : ૯ :** **આથી ઠરાવવામાં આવે છે કે, તૈયાર થયેલ યુનિવર્સિટી ઓર્ડીનેન્સ તેમજ વધારાના સ્ટેચ્યુટ્સને આથી મંજૂર રાખવામાં આવે છે તથા તેનું અમલીકરણ કરવાનું રહેશે.**

૧૦. **કર્મનિકેતન ટ્રસ્ટ સંચાલિત કોલેજો ખાતે ફીની વધુ રકમની થયેલ વસૂલાત સંબંધે નિયત ફીથી વધારાની રકમ વિદ્યાર્થીઓ / વાલીઓને પરત કરવા અંગે ચર્ચા વિચારણા અને નિર્ણય :**

કર્મનિકેતન ટ્રસ્ટ સંચાલિત બન્ને કોલેજો ખાતે ચાલતા અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ પાસેથી નિયત ફીની રકમથી વધુ રકમની વસૂલાત કરવામાં આવેલ તે અંગે થયેલ રજૂઆત અંગે તા.૧૯/૧૨/'૦૯ના રોજની એક્ઝિક્યુટીવ કાઉન્સિલમાં થયેલ ઠરાવ–૦૮ મુજબ વિદ્યાર્થીઓ –વાલીઓને તા.૩૧/૦૩/૨૦૧૦ સુધીમાં નિયત ફી કરતા લેવાયેલ વધારાની રકમ સંસ્થાએ ચુકવી દેવા જણાવેલ, આમ છતા હજુ બાકી રહેલ વિદ્યાર્થીઓને ફી પરત કરવા અંગે થયેલ ચર્ચા વિચારણા બાદ નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

**ઠરાવ : ૧૦ :** **આથી ઠરાવવામાં આવે છે કે, તા.૧૯/૧૨/'૦૯ના રોજની એક્ઝિક્યુટીવ કાઉન્સિલમાં થયેલ ઠરાવ–૦૮ મુજબ સંબંધિત સંસ્થાના વિદ્યાર્થીઓ–વાલીને ચૂકવવાની થતી વધારાની રકમ અન્વયે હજુ ફીની રકમ પરત મેળવવા બાકી રહેલ હોય તેવા વિદ્યાર્થીઓ–વાલીને યોગ્ય રકમનું ચૂકવણું સત્વરે કરી આપવા માટે તાકીદ કરવા માટે કર્મનિકેતન ટ્રસ્ટનાં ટ્રસ્ટીશ્રીને એક્ઝિક્યુટીવ કાઉન્સિલની પેટા સમિતિ સમક્ષ રૂબરૂ બોલાવવા.**

૧૧. **અધ્યક્ષ સ્થાનેથી રજૂ થયેલ મુદ્દાઓ :**

(૧) **કચ્છ વિશાળ પ્રદેશ છે. કચ્છનાં જે ક્ષેત્રમાં ઉચ્ચ શિક્ષણની સુવિધાઓ નથી ત્યાં નવી કોલેજો કરવી જોઈએ તે ધ્યાને રાખતા શ્રી લેવા પટેલ બોર્ડિંગ,ભચાઉ–કચ્છ દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૧૦–૧૧થી વાણિજય અને વિનયન અભ્યાસક્રમોની નવી કોલેજ શરૂ કરવા અં મળેલ અરજી બાબત :**

**ઠરાવ : ૧૧ :** **આથી ઠરાવવામાં આવે છે કે, ભચાઉ તાલુકામાં વાણિજય અને વિનયન અભ્યાસક્રમો ચલાવતી એક પણ કોલેજ ઉપલબધ ન હોય આ વિસ્તારમાં ઉચ્ચ શિક્ષણની સુવિધા ઉભી કરવા માટે સદર અરજી શૈક્ષણિક વર્ષ ૨૦૧૦–૧૧ અન્વયે ગ્રાહય રાખવી તથા તે સંબંધિત આગળની કાર્યવાહી હાથ ધરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને સોંપવામાં આવે છે.**

(૨) **શેઠ એસ.વી.આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ માંડવીની વહીવટી તૃટિઓ અંગે E.C. મેમ્બર શ્રીઓની રજૂઆતને ધ્યાને લઈને સ્થાનિક તપાસ સમિતિ મોકલવા બાબત :**

Shyamji Krishna Verma Kachchh University BHUJ-Kachchh 370001

**ઠરાવ : ૧૨ :** આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટી સંલગ્ન શેઠ એસ.વી.આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ માંડવી–કચ્છ ખાતે ચાલતા વહીવટી તૃટિઓ નિવારવા અંગે E.C. મેમ્બરશ્રીઓની રજૂઆતને ધ્યાને લઈને સ્થાનિક તપાસ સમિતિ મોકલવવી સમિતિનાં સભ્યશ્રીઓની વરણી કરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને સોંપવામાં આવે છે.

(૩) યુનિવર્સિટી ખાતે ચલાવાતા સ્વનિર્ભર અભ્યાસક્રમો માટે શૈક્ષણિક સ્ટાફની નિમણુંક કરવા બાબત :

**ઠરાવ : ૧૩ :** આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટી ખાતે સ્વનિર્ભરતાનાં ધોરણે શરૂ કરાયેલ વિવિધ અભ્યાસક્રમો માટે જરૂરી શૈક્ષણિક સ્ટાફ નિમણૂંક કરવા માટે ભરતી પ્રક્રિયા હાથ ધરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને સોંપવામાં આવે છે.

(૪) M.Phil. તથા Ph.D.ના નવા નોમર્સ મંજૂર કરવા બાબત.

**ઠરાવ : ૧૪ :** આથી ઠરાવવામાં આવે છે કે,યુનિવર્સિટી દ્વારા તૈયાર કરાયેલ M.Phil. તથા Ph.D.ના નોમર્સને તા. ૧૫/૪/૧૦ની BUTRમાં ઠરાવ નં ૨થી બહાલી આપવામાં આવેલ છે સદર નોમર્સને આજની E.C.માં પણ સર્વાનુમતે બહાલી આપવામાં આવે છે તથા તેનું અમલીકરણ કરવાનું રહેશે.

(૫) યુનિવર્સિટી અનુસ્નાતક ભવનો તથા કેન્દ્રો ખાતે ચલાવવામાં આવતા પોસ્ટ ગ્રેજયુએટ અભ્યાસક્રમો અન્વયે જુદા જુદા વિષયો માટે Choice Based Credit System (CBCS) મુજબના અભ્યાસક્રમોનો અમલ કરવા બાબત :

**ઠરાવ : ૧૫ :** આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીનાં અનુસ્નાતક ભવનો તથા કેન્દ્રો ખાતે ચલાવવામાં આવતા પોસ્ટ ગ્રેજયુએટ અભ્યાસક્રમો અન્વયે જુદા જુદા વિષયો માટે Choice Based Credit System (CBCS) મુજબના અભ્યાસક્રમો અનુસ્નાતક ભવનો દ્વારા તૈયાર કરવામાં આવેલ તેને તા.૧૫/૪/૧૦ની BUTRની સભામાં ઠરાવ નં.૩થી બહાલી આપવામાં આવેલ છે. તેનો અમલ આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૧૦–૧૧થી કરવા માટે આથી બહાલ રાખવામાં આવે છે.

(૬) નાણાકીય વર્ષ ૨૦૦૮ – ૦૯ અન્વયે વાર્ષિક હિસાબ તથા વાર્ષિક અહેવાલને બહાલ રાખવા બાબત :

**ઠરાવ : ૧૬ :** આથી ઠરાવવામાં આવે છે કે, નાણાકીય વર્ષ ૨૦૦૮ – ૦૯ અન્વયે વાર્ષિક હિસાબ તથા વાર્ષિક અહેવાલને બહાલ રાખવામાં આવે છે.

(૭) યુનિવર્સિટી ખાતે કન્સલટન્ટની નિમણૂક બાબત :

Krantiguru Shyamji Krishna Verma Kachchh University SHUJ-Kachchh 370001

**ઠરાવ : ૧૭ :** આથી ઠરાવવામાં આવે છે કે, નવનિર્મિત યુનિવર્સિટી કેમ્પસના નકશાઓ બનાવવા માટે યોગ્ય કન્સલટન્ટની નિમણૂક કરવાની જરૂરિયાતને ધ્યાને લેતા, સદર નિમણૂંક આપવા અંગેની કાર્યવાહી હાથ ધરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને સોંપવામાં આવે છે. તે ઉપરાંત અન્ય કન્સલટન્ટ જેવા કે પી.આર.ઓ. વિગેરેની નિમણૂંક આપવા અંગેની કાર્યવાહી હાથ ધરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને સોંપવામાં આવે છે.

(૮) ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા મેમોરીયલ કોર્નર અને વર્ડ કલાસ પોર્ટલ તૈયાર કરવા બાબત :

**ઠરાવ : ૧૮ :** આથી ઠરાવવામાં આવે છે કે, ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા મેમોરીયલ કોર્નર તથા શ્યામજી ક્રાંતિગુરૂ કૃષ્ણવર્મા મેમોરીયલ વર્ડ કલાસ પોર્ટલ તૈયાર કરવા માટે અનુક્રમે રૂા. ૨,૫૦,૦૦૦/- તથા રૂા.૨,૫૦,૦૦૦/- આથી મંજૂર કરવામાં આવે છે.

(૯) સેન્ટર ફોર એકસેલન્સ અન્વયે જુદા જુદા અભ્યાસક્રમો શરૂ કરવા બાબત :

**ઠરાવ : ૧૯ :** આથી ઠરાવવામાં આવે છે કે, સેન્ટર ફોર એકસેલન્સ અન્વયે જુદા જુદા વોકેશનલ અભ્યાસક્રમો શરૂ કરવા આથી બહાલી આપવામાં આવે છે.

(૧૦) શિક્ષણ વિભાગ દ્વારા મંજૂર કરાયેલ જગ્યાઓ પૈકીની કુલસચિવશ્રીની જગ્યા અન્વયે અનુભવનાં વર્ષ સંબંધે છૂટ છાટ આપવા બાબત :

**ઠરાવ : ૨૦ :** આથી ઠરાવવામાં આવે છે કે, કુલસચિવશ્રીની જગ્યા ભરવા માટે નિયત થયેલ લાયકાતના ધોરણો અન્વયે અનુભવી ઉમેદવાર મેળવવાની પરિસ્થિતિને ધ્યાને લેતાં અનુભવનાં વર્ષો સંબંધે છૂટ છાટ કરવી જરૂરી જણાતા,૧૫ વર્ષનાં નિયત કરાયેલ અનુભવને સ્થાને બે વર્ષની છૂટ છાટ મૂકી ૧૩ વર્ષનો યુનિવર્સિટી વહીવટ તથા પબ્લીક અથવા યુનિવર્સિટી / કોલેજ કક્ષાનો શિક્ષણ કાર્યનો અનુભવ જરૂરી ગણવો.

(૧૧) યુનિવર્સિટી દ્વારા શરૂ થયેલ સેલ્ફ ફાયનાન્સ અભ્યાસક્રમોમાં કો-ઓર્ડિનેટરશ્રીઓને તથા અધ્યાપન કરાવતા અધ્યાપકોને કે બહારના તજજ્ઞનોને ચૂકવવાપાત્ર પ્રોત્સાહન રકમ નક્કી કરવા બાબત :

**ઠરાવ : ૨૧ :** આથી ઠરાવવામાં આવે છે કે, સેલ્ફ ફાયનાન્સ અભ્યાસક્રમોમાં યુનિવર્સિટી દ્વારા નિમવામાં આવેલ કો -ઓર્ડિનેટરશ્રીઓ તથા તેમા તાસ લેતાં અધ્યાપકો અને અધ્યાપન માટે બહારથી આવતા તજજ્ઞો કે જેઓ પોતાના અનુસ્નાતક ભવન ઉપરાંત સેલ્ફ ફાયનાન્સ અનુસ્નાતક ભવનનું વધારાનું કામકાજ કરે છે તેઓને પ્રોત્સાહન ભથ્થુ ચુકવવા બાબતે આગળની સભાના ઠરાવ ક્રમાંક : ૦૩થી નિમાયેલ પેટા સમિતિ સમક્ષ વેતન,રેમ્યુનરેશન વગેરેની રકમ નિયત કરવા રજૂઆત કરવી.

(૧૨) શૈક્ષણિક વર્ષ ૨૦૧૦–૧૧થી યુનિવર્સિટી કેમ્પસ પર કાર્યરત થનાર હોસ્ટેલ સંબંધે વિવિધ સવલતો ઉભી કરવા અન્વયેની કાર્યવાહી બાબત :

Shyamji Krishna Verma Kachchh University BHUJ-Kachchh 370001

ઠરાવ : ૨૨ : આથી ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષ ૨૦૧૦–૧૧થી યુનિવર્સિટી કેમ્પસ પર હોસ્ટેલ કાર્યરત કરવા માટે તેનાં સંચાલન અને અન્ય વ્યવસ્થાઓ સંદર્ભે ખરીદી, હોસ્ટેલ નિયમો વગેરે જેવી કામગીરીઓ હાથ ધરવા માટે જૂદી જૂદી સમિતિઓની રચના કરવી આવશ્યક હોતા,આવી સમિતિની રચના કરવા અંગેની કાર્યવાહી હાથ ધરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને સોંપવામાં આવે છે.

(૧૩) કેમેસ્ટ્રી વિભાગના રીડર અને વડાએ ડૉ.જી.એન.બક્ષીનાં નેતૃત્વમાં ૨૨–૨૩ જાન્યુ.૨૦૧૦ દરમ્યાન યોજેલ સેમિનાર માટે E.C. માંથી રૂા. ૧,૫૦,૦૦૦/– મંજૂર કરેલ પરંતુ તેમણે Gujcost માંથી ૫૦,૦૦૦ રૂા. અને રજીસ્ટ્રેશન ફી ૩૦,૯૦૦ રૂા.ની આવક મેળવી E.C. એ ફાળવેલ રકમ માંથી માત્ર ૪૬,૩૫૧ રૂા. ખર્ચ કર્યો તેની E.C. માં નોંધ લેવામાં આવે છે.

અન્ય કોઈ મુદ્દો ઉપસ્થિત ન થતાં અધ્યક્ષશ્રીના આભાર સાથે સભા પૂર્ણ થયેલ જાહેર કરવામાં આવી.

B. S. Patel

(ડૉ. બી. એસ. પટેલ)
ઈન્ચાર્જ-કુલસચિવ
ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણ વર્મા
કચ્છ યુનિવર્સિટી,ભુજ-કચ્છ.